ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ
ગુજરાત સરકારનું સાહસ
રજી. ઓફિસ: બ્લોક નં. ૬, ૫મો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ''ઘ'' રોડ, ગાંધીનગર.
ટેલી. ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૪૬૧૨૬/૨૭/૨૮ , CIN: U75140GJ1999SGC036051
Website:- www.gudcltd.com E-mail:- contact@gudcltd.com

# એ.સી. મશીન/વોટરકુલર અને આર.ઓ.પ્લાન્ટ સાથેની વાર્ષિક જાળવણી અને મરામતની સેવાઓ પુરી પાડવા માટેનું ભાવ પત્રક

| | |
|---|---|
| એજન્સીનું નામ : | |
| | |
| એજન્સીના અધિકૃત વ્યક્તિનું નામ: | |
| | |
| સરનામું: | |
| | |
| ફોન/મોબાઇલ નં: | |
| | |
| *વ્યવસાય રજીસ્ટ્રેશન નંબર :<br>(શોપ્સ & એસ્ટા. એક્ટ મુજબનાં) | |
| | |
| *વ્યવસાયમાં જોડાયાનું વર્ષ : | |
| | |
| *જીએસટી ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર : | |
| | |
| *છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્નઓવરની વિગતો<br>(અ) વર્ષ ૨૦૧૪-૧૫ :<br><br>(બ) વર્ષ ૨૦૧૫-૧૬ :<br><br>(ક) વર્ષ ૨૦૧૬-૧૭ : | |
| | |
| આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર : | |

| ક્રમ. નં. | વિગત | જથ્થો | ભાવ | કુલ રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| | | | | |
| ૧. | **૧.૫ ટન સ્પ્લીટ એ.સી. મશીનની જાળવણી અને મરામતના સ્પેરપાર્ટસ સાથેના ભાવ. (કેરીયર મેઇક)** | ૫ | | |
| | | | | |
| ૨. | **૨.૦ ટન સ્પ્લીટ એ.સી. મશીનની જાળવણી અને મરામતના સ્પેરપાર્ટસ સાથેના ભાવ. (કેરીયર મેઇક)** | ૧૨ | | |
| | | | | |
| ૩. | **૩.૦ ટન કેસેટ એ. સી. મશીનની જાળવણી અને મરામતના સ્પેરપાર્ટસ સાથેના ભાવ. (કેરીયર મેઇક)** | ૪ | | |
| | | | | |
| ૪. | **વૉટર કુલર મશીનની જાળવણી અને મરામતના સ્પેરપાર્ટસ સાથેના ભાવ. (વૉલ્ટાશ મેઇક)** | ૧ | | |
| | | | | |
| ૫. | **આર.ઓ. પ્લાન્ટની જાળવણી અને મરામતના સ્પેરપાર્ટસ સાથેના ભાવ. (એક્વાગોલ્ડ મેઇક)** | ૧ | | |
| | | | | |
| | | **કુલ.....** | | |

**નોંધ :**

આ ભાવપત્રક સાથે રૂા.૧૦૦૦/– ની રકમનો ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડના નામે આ પત્રક સાથે બિડાણ કરવાનો રહેશે અને જે રકમ નોન–રીફન્ડેબલ રહેશે. સદર રકમના ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ વગરનું ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહીં.

**શરતો: (૧)** ભાવ ભરનાર એજન્સીએ ભાવપત્રક સાથે રૂ.૨૫,૦૦૦/– ની ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમનો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર ચેક "ગુજરાત શહેરી વિકાસ કંપની લિ." ના નામનો બિડાણ કરવાનો રહેશે. ઈ.એમ.ડી. (બાનાની રકમ) વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી. જીયુડીસીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ભાવપત્રકના સૌથી ઓછા ભાવે મંજૂર કરવામાં આવ્યા બાદ, જે એજન્સીના ભાવો સૌથી નીચા હશે, તે સિવાયની અન્ય એજન્સીઓને તેઓએ ભરેલ ઈ.એમ.ડી (બાનાની રકમ) એક માસની પરત કરવામાં આવશે, જે બીન–વ્યાજુકી રહેશે.

**(૨)** સિક્યોરીટી ડીપોઝીટની રકમ પેટે રૂ. ૨૫,૦૦૦/– રહેશે. જે એજન્સીના ભાવો મંજૂર થયા હશે તેઓએ ભરેલ ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમ સિક્યોરીટી ડિપોઝીટમાં ફેરબદલ કરવામાં આવશે. સદર રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક મહિના બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

**(૩)** ભાવ મંજૂર થયા અંગેની અત્રેથી સંબંધિત એજન્સીને લેખિત જાણ કર્યા તારીખથી દિન–૧૦ (દશ)માં રૂા.૧૦૦/–ના નોન–જ્યુડીશીયલ સ્ટેમ્પ, જેતે એજન્સીએ તેમની સંસ્થાના નામનો સ્વ–ખર્ચે ખરીદી કરારખત કરાવી, અત્રેથી વર્ક ઓર્ડર મેળવી લેવાનો રહેશે. આમ કરવામાં વિલંબ થશે તો કોઈપણ જાતની રજૂઆતોને ધ્યાને લીધા વિના, મંજૂર થયેલ ભાવો એક તરફથી રદ કરી, ઈ.એમ.ડી. તરીકે જમા કરાવેલ રકમ રૂા.૨૫,૦૦૦/– જપ્ત કરવામાં આવશે.

(૪) કરારખત કોમ્પ્રિહેન્સિવ રહેશે. સદર કરારમાં એ.સી. મશીનના પ્લાસ્ટીક પાર્ટસ જેવા કે, ગ્રીલ, એર ગ્રાઇન્ડર, લોર્વસ, પી.વી.સી. ડ્રેઇન પાઇપ તથા ઇન્ડોર મશીનની પી.સી.બી. મોટર, ગેસ ચાર્જીંગ, કોમ્પ્રેશર, કેપેસીટર, કોન્ટેક્ટર, આઉટ ડોર મોટર તેમજ અન્ય સ્પેરપાર્ટસ સામેલ થશે.

(૫) કરારખત અન્વયે દર ત્રણ મહિને એ.સી. મશીન/વોટરકુલર/આર.ઓ. મશીનની સર્વિસ કરવાની રહેશે.

(૬) કરારખત દરમિયાન મંજૂર થયેલ કુલ રકમનું ચૂકવણું દર ત્રણ મહિને સરખા પ્રમાણમાં કરવામાં આવશે.

(૭) સદરહુ ભાવો લાગુ પડતા તમામ પ્રકારના ટેક્ષ તથા ચાર્જિસ સહિતના રહેશે.

(૮) જીયુડીસી કચેરીએ ચુકવણા અર્થે રજૂ કરેલ બિલોમાંથી કાયદાકીય જરૂરી કપાત કરી ચુકવણું કરવામાં આવશે.

(૯) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને જીયુડીસી કચેરીને તેની સદરહુ સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેમની સાથે સદરહુ કામગીરી અંગેનો થયેલ કરાર સમાપ્ત કરાશે, જે માટે તેને કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય ૧૫ (પંદર) દિવસની લેખિત નોટિસ આપવામાં આવશે. જીયુડીસી કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઇપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં.

(૧૦) એ.સી.ના રીપેરીંગ બાબતે અત્રેથી જાણ કરવામાં આવતા ૧ કલાકની અંદર કમ્પ્લેન્ટ એટેન્ડ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં જો કમ્પ્લેન્ટ એટેન્ડ કરવામાં આવશે નહીં તો સદર કામગીરી અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેના બિલની કુલ રકમ કરારખત મુજબ મંજૂર થયેલ રકમમાંથી કપાત કરવામાં આવશે.

(૧૧) દરેક મશીન દીઠ કરવામાં આવતી જાળવણી અને નિભાવણીનું અગાઉથી ઇલાયદા જોબકાર્ડ નિભાવવાનું રહેશે અને ત્રિમાસિક સર્વિસ અંગેની નોંધ જોબકાર્ડમાં કરી, અત્રેની કચેરીના સંબંધિત અધિકારી/કર્મચારીની સહી મેળવી લેવાની રહેશે.

(૧૨) કરારખત દરમિયાન એજન્સી દ્વારા નિમેલ ટેકનિશીયનોનું કોઇપણ પ્રકારના અકસ્માતથી ઇજા/મૃત્યુ થાય તો તે અંગે તમામ પ્રકારની કાયદાકીય અને નાણાકીય જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. જીયુડીસી લિ.ની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

(૧૩) એજન્સીના નામનાં પાન કાર્ડની ઝેરોક્ષ નકલ બિડવાની રહેશે અને વખતો વખત કચેરી દ્વારા માંગવામાં આવે તે મુજબના લાગુ પડતા તમામ કરવેરા સંબંધિત નંબરો એજન્સીએ કચેરી ખાતે સત્વરે પુરા પાડવાના રહેશે.

(૧૪) સદર કામગીરીના બાબતે જો કોઇ વાદ વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં વહીવટી સંચાલકશ્રી, જીયુડીસીનો નિર્ણય આખરી રહેશે અને જે બંને પક્ષકારોને માન્ય રહેશે.

(૧૫) એજન્સીએ ભાવ પત્રકમાં થયેલ સુધારા–વધારાની બાજુમાં તેમજ ભાવપત્રકના દરેક પેજ ઉપર અધિકૃત વ્યક્તિના સહી/સિક્કા અવશ્ય કરવાના રહેશે.

(૧૬) જો એજન્સી દ્વારા ભાવપત્રકમાં ભરવાના થતા ભાવો અંગે અધૂરી માહિતી ભરેલ હશે તો સદરહુ ભાવપત્રક અપૂરતું ગણી રદબાતલ ગણવામાં આવશે.

(૧૭) એજન્સીએ ભરેલ ભાવો, ભાવપત્રક ખોલ્યા બાદ ૬૦ દિવસ સુધી માન્ય રહેશે, આ સમય દરમિયાન એજન્સી તેની ઓફર પરત ખેંચી શકશે નહીં અથવા તો તેમાં કોઇ સુધારો કરી શકશે નહીં, જો એજન્સી દ્વારા આમ કરવામાં આવશે તો તેમની ઇ.એમ.ડી. (બાનાની રકમ) જપ્ત કરવામાં આવશે. અને સદર એજન્સી ઉપર્યુક્ત કામગીરી કરવા સક્ષમ નથી તે મુજબ ભવિષ્યમાં ધ્યાને લેવામાં આવશે.

(૧૮) ભાવપત્રક અનુસંધાને ભાવો મંજુર કર્યા બાદ કોઈપણ પ્રકારનો ભાવ વધારો કરારના સમયગાળા દરમિયાન આપવામાં આવશે નહીં.

(૧૯) આ કરાર બિન તબદીલી પાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા / કચેરીની પૂર્વ મંજૂરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં.

(૨૦) આ કરારનામુ કરાર થયાની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુમાં વધુ બે વર્ષ માટે કરાર લંબાવી શકાશે. જરૂર જણાય તો ગુજરાત શહેરી વિકાસ કંપની આ સમયગાળામાં અને શરતોમાં ફેરફાર કરી શકશે.

(૨૧) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા / કચેરી, એજન્સીને ૧૫ (પંદર) દિવસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહીં.

(૨૨) નવા ભાવપત્રક મંગાવવાના થાય તેવા સંજોગોમાં, કરારનો સમયગાળો પૂર્ણ થયા બાદ, જીયુડીસી તેની જરૂરિયાતને ધ્યાને રાખી, થયેલ કરારખતની અવધી કરારમાં જણાવેલ શરતોને આધીન વધુ ૩ (ત્રણ) માસની મર્યાદામાં લંબાવી શકશે.

(૨૩) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો, એજન્સીએ ૩ માસની લેખિત નોટિસ આપવી પડશે, તે પરિસ્થિતિમાં તેની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ સંજોગોમાં જીયુડીસીને અન્ય એજન્સીને મંજૂર થયેલ ભાવો, શરતો અને બોલીઓએ નિયુક્ત કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૨૪) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક્ક/દાવો રહેશે નહી. આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો કરારના સમયગાળા સુધી અથવા કંપનીની જરૂરિયાત જે બે માંથી વહેલી હશે તે મુજબ જીયુડીસીને લેખિતમાં જણાવી સદર કામગીરી ચાલુ રાખી શકાશે.

(૨૫) સદર ભાવપત્રક **તા.<u>૧૩/૧૦/૨૦૧૭</u>** સુધીમાં જીયુડીસી કચેરીમાં કચેરી સમય દરમિયાન સીલબંધ કવરમાં મળી જાય તે રીતે રજી.પો.એ.ડી./કુરીયરથી જ મોકલી આપવાના રહેશે. નિયત તારીખ બાદ મળેલા ભાવપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૨૬) નિયત સમયમર્યાદામાં રજી.પો.એ.ડી/કુરીયરથી મળેલા ભાવપત્રકો **તા.<u>૧૬/૧૦/૨૦૧૭</u>** ના રોજ બપોરે **<u>૩:૩૦</u> કલાકે** ગુજરાત શહેરી વિકાસ કંપની લિ., ગાંધીનગર ખાતે ખોલવામાં આવશે, જેમાં ભાવપત્રક ભરનાર અથવા અધિકૃત કરેલા તેમના એક પ્રતિનિધિ હાજર રહી શકશે. જો ભાવપત્રક ખોલવાની તારીખમાં ફેરફાર કરવામાં આવશે તો તે અંગેની જાણ કરવામાં આવશે.

(૨૭) એજન્સીને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

(૨૮) શરતી ભાવપત્રક માન્ય ગણાશે નહીં.

(૨૯) કોઈપણ પ્રકારના વિવાદ માટે ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર (ગુજરાત) રહેશે.

ઉપરોક્ત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં/અમે વાંચી છે અને હું/અમે બરાબર સમજ્યા છીએ. ઉપરોક્ત ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પદ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પદ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂ છું / કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યુ છે.

**સ્થળ :**

**તારીખ :** **એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**